તા. ૧-૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના અન્વયે કાયમી પેન્શન ખાતા નંબરની માહીતી મોકલવા બાબત...

ગુજરાત સરકાર
નાણાવિભાગ
સચિવાલય, ગાંધીનગર
પરિપત્ર ક્રમાંક : નવપ-૧૦૨૦૧૩-ડી-૧૬૩-પી
તારીખ :૨૧-૮-૨૦૧૫

વંચાણે લીધા :

(૧) ઠરાવ ક્રમાંક : નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી, તારીખ : ૧૮-૦૩-૨૦૦૫.

(૨) ઠરાવ ક્રમાંક : નપન-૨૦૦૩-જીઓઆઇ-૧૦-પી, તારીખ : ૦૬-૦૬-૨૦૦૫.

પ રિ પ ત્ર :

આમુખ(૧) માં દર્શાવેલ તા. ૧૮-૦૩-૨૦૦૫ ના ઠરાવથી ૧લી એપ્રિલ ૨૦૦૫ ના રોજ અથવા ત્યારબાદ રાજ્ય સરકારની સેવાઓમાં નવી નિમણૂંક પામેલા તથા રાજ્ય સરકારના બોર્ડ / કોર્પોરેશન અને સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓના શૈક્ષણિક કે બિન-શૈક્ષણિક કર્મચારીઓ કે જેને રાજ્ય સરકારશ્રીની હાલની પેન્શન યોજના લાગુ પડે છે તેઓ તથા માસિક ઉચ્ચક પગારથી નિમણૂંક પામેલા કર્મચારી કે જે તા. ૦૧-૦૪-૨૦૦૫ પછી નિયમિત નિમણૂંક મેળવે તેવા કર્મચારીઓને પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી, ગાંધીનગર દ્વારા કાયમી પેન્શન ખાતા નંબર ફળવવા અંગેની જોગવાઇ કરવામાં આવેલ છે.

આમુખ (૨) માં દર્શાવેલ તા. ૦૬-૦૬-૨૦૦૫ ના ઠરાવથી વચગાળાની માર્ગદર્શક સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે, જેના અનુક્રમ નં. ૧૮ માં જણાવ્યા મુજબ જુદાજુદા ઉપાડ અને ચૂકવણી અધિકારીઓએ મહિના દરમ્યાન સેવામાં દાખલ થયેલા હોય તેવા તમામ કર્મચારીઓ માટે એકત્રિત માહિતી તે પછીના મહિનાની ૭મી તારીખ સુધીમાં પોતાના ખાતાના વડાની કચેરીને સાદર કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે તથા અનુ.નં. ૨૦ માં જણાવ્યા મુજબ ખાતાના વડાએ આવી મળેલ વિગતો એકત્રિત કરી દર મહિનાની ૧૦મી તારીખ સુધીમાં પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી, ગાંધીનગરને મોકલી આપવાની રહે છે જેથી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ નિયામકશ્રીની કચેરી, દ્વારા નિયત સમયમર્યાદામાં કાયમી પેન્શન ખાતા નંબર ફાળવી સબંધકર્તાને જાણ કરી શકાય.

અનુભવે એવું જણાઇ આવેલ છે કે કાયમી ખાતા નંબર ફળવવાની પાત્રતા ધરાવતા કર્મચારીઓ માટે જે તે સબંધિત કચેરી / ખાતાના વડા દ્વારા ઉપરોક્ત જોગવાઇઓનું પાલન કરવામાં આવતું નથી જેથી કાયમી ખાતા નંબર ફાળવવામાં ઘણોજ વિલંબ થાય છે.

ઉપરોક્ત વિલંબ નિવારી શકાય તે હેતુથી નવી પેન્શન યોજનાની પાત્રતા ધરાવતા કુલ કર્મચારીઓ પૈકી કેટલા કર્મચારીઓના કાયમી ખાતા નંબર મેળવવામાં આવેલ છે તથા કેટલા કિસ્સામાં નંબર મેળવવાના બાકી છે તેની માહિતી આ સાથેના નમુનામાં દર વર્ષે સપ્ટેમ્બર માસના પગાર બીલ સાથે જિલ્લા તિજોરી કચેરી / પગાર અને હિસાબ કચેરીને રજુ કરવા તથા જિલ્લા તિજોરી કચેરી /

→

પગાર અને હિસાબ કચેરી દ્વારા આવી માહિતી એકત્રિત કરી પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરીને ત્યાર પછીના મહિનાની ૩૦મી તારીખ સુધીમાં મોકલી આપવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે...

બી.એસ.મિસ્ત્રી
સેકશન અધિકારી
નાણા વિભાગ.

પ્રતિ

નકલ રવાના:-

- માન. રાજયપાલના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
  માન.મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
  માન. મંત્રીશ્રીઓ / રાજય કક્ષાના મંત્રીઓના અંગત સચિવશ્રીઓ,
  માન. વિરોધ પક્ષના નેતાના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર
  સચિવાલયના સર્વે વિભાગો/ તમામ ખાતાના વડાઓ/ તમામ કચેરીના વડાઓ,
- સચિવશ્રી ગુજરાત તકેદારી આયોગ ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ ગાંધીનગર.
- સચિવશ્રી ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ ગાંધીનગર.
  તમામ કલેકટરશ્રીઓ, તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
  તમામ ઉપાડ અને વહેંચણી અધિકારીશ્રીઓ
  તમામ સહાયક અનુદાન મેળવતી સંસ્થાઓ
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત રાજય, અમદાવાદ/રાજકોટ,
  એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડિટ-૧, ૨), અમદાવાદ/રાજકોટ,
  નિયામકશ્રી, હિસાબ અને તિજોરી, ગાંધીનગર.
  નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ, ગાંધીનગર.
  નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
  સર્વે જિલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ,
  તમામ પેન્શન ચુકવણા કચેરીઓ
  તમામ તિજોરી અધિકારીઓ/ તમામ પેટા તિજોરી અધિકારીઓ,
  પગાર અને હિસાબી અધિકારીઓ, અમદાવાદ/ગાંધીનગર/નર્મદા/વડોદરા
  સ્થાનિક ઓડિટ અધિકારી, અમદાવાદ/ગાંધીનગર.
  તમામ બોર્ડ/ કોર્પોરેશન/ નિગમો.
  નાણા વિભાગની તમામ શાખાઓ, સર્વે અધિકારીશ્રીઓ (નાણા શાખાઓ સહિત)
  સિસ્ટમ મેનેજર, નાણા વિભાગ વેબ સાઇટ પર પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી માટે.
  <u>સિલેકટ ફાઇલ પી શાખા</u>
- પત્ર દ્વારા

# પત્રક –૨

## તા. ૧-૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના અન્વયે કાયમી પેન્શન ખાતા નંબર ફાળવણી બાકી હોય તેવા કર્મચારીઓની વિગતવાર માહીતી દર્શાવતું પત્રક

વિભાગનું નામ :

કચેરીનું નામ :

કચેરીનું સરનામું :

ફેકસ નંબર : ટેલીફોન નંબર :

| અનું. નં. | કર્મચારીનું નામ | હોદ્દો | માસિક ઉચ્ચક પગારમાં નિમણૂંક તારીખ | નિયમિત નિમણુંકની તારીખ | પગાર ધોરણ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |
| ૬ | | | | | | |
| ૭ | | | | | | |
| ૮ | | | | | | |
| ૯ | | | | | | |
| ૧૦ | | | | | | |

તારીખ :

ઉપાડ અને વહેંચણી અધિકારીની
સહી અને સિક્કો

# પત્રક -૧

## તા. ૧-૪-૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના અન્વયે કાયમી પેન્શન ખાતા નંબર ફાળવણી અંગેની માહીતી દર્શાવતું પત્રક

વિભાગનું નામ :

કચેરીનું નામ :

કચેરીનું સરનામું :

ફેકસ નંબર : ટેલીફોન નંબર :

| અનું. નં. | કાયમી પેન્શન ખાતા નંબર ફાળવણીની પાત્રતા ધરાવતા કર્મચારીઓની કુલ સંખ્યા | કાયમી પેન્શન ખાતા નંબર ફાળવેલ કર્મચારીઓની કુલ સંખ્યા | કાયમી પેન્શન ખાતા નંબર ફાળવણી બાકી હોય તેવા કર્મચારીઓની કુલ સંખ્યા | કાયમી પેન્શન ખાતા નંબર ફાળવણી બાકી રહેવાના કારણો | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ |
| ૧. | | | | | |
| કુલ : | | | | | |

તારીખ :

ઉપાડ અને વહેંચણી અધિકારીની
સહી અને સિક્કો